પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૪ | ૧૪ જુન, ૨૦૨૨, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બ્લેક મન્ડે : સેન્સેક્સમાં ૧૪૫૭ પોઈન્ટનો કડાકો

### નિફ્ટીમાં ૪૨૭ : રોકાણકારોના છ લાખ કરોડનું ધોવાણ : મે મહિનામાં યુએસમાં મોંઘવારી વધવાની અસર યુએસના શેરબજારોની સાથે ભારતીય બજાર પર જોવા મળી : શેરબજારમાં સપ્તાહનો પ્રથમ ટ્રેડિંગ દિવસ ખાસ રહ્યો



મુંબઈ, તા.૧૩

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજારની શરૂઆત ખરાબ રહી હતી અને બંને સૂચકાંકો ભારે ઘટાડા સાથે ખુલ્યા હતા. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ આ ઘટાડો વધુ ખરાબ થતો ગયો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૧૪૫૭ પોઈન્ટ ઘટીને ૫૨,૮૪૭ પર બંધ થયો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૨૭ પોઈન્ટના ઘટાડા સાથે ૧૫,૭૭૪ પર બંધ થયો હતો.

અગાઉ, બીએસઈ સેન્સેક્સ ૧૨૦૦ પોઈન્ટ તોડીને ખુલ્યો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ઈન્ડેક્સ ૧૬,૦૦૦ના સ્તરથી નીચે ટ્રેડ કરવાનું શરૂ કર્યું હતું. દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સ ૧૭૦૦ પોઈન્ટ સુધી તૂટી ગયો હતો. સોમવારે ઘટાડાને કારણે રોકાણકારોના છ લાખ કરોડથી વધુ રૂપિયા એક જ ઝાટકે ડૂબી ગયા હતા. આ અગાઉ, ગયા સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે શેરબજાર ઘટાડા સાથે ખુલ્યું હતું અને અંતે મજબૂત ઘટાડા સાથે લાલ નિશાન પર બંધ થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## રૂપિયો ઐતિહાસિક તળીયે, ૭૮.૨૧ની સપાટીએ પહોંચ્યો

નવી દિલ્હી, તા.૧૩

શેરબજારમાં વેચવાલીના કારણે બજારમાં ફરી સલામતી તરફ દોટ જોવા મળી રહી છે. વિદેશી ફન્ડ્સની સતત વેચવાલીને કારણે ભારતીય ફોરેક્સ અનામત ઘટી રહી છે.

આજે બજાર ખુલતા ડોલર સામે રૂપિયો વધુ ૩૮ પૈસા ઘટી ૭૮.૨૧ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ પટકાયો છે.

ભારતીય શેરબજારમાં એકતરફી વેચવાલી અને સામે પક્ષે ક્રૂડ-ડોલરની તેજી ભારતીય રૂપિયા પર દબાણ સર્જી રહી છે. રૂપિયો ડોલરની સામે સોમવારના શરૂઆતી સેશનમાં જ ઐતિહાસિક તળિયે પહોંચ્યો છે.

ભારતીય કરન્સી રૂપિયો ડોલરની સામે આજે ઈતિહાસમાં પ્રથમ વખત ૭૮ પ્રતિ યુએસ ડોલરને પાર નીકળ્યો છે.

## સત્યેન્દ્ર જૈનને ૧૪ દિવસની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીની કેજરીવાલ સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનને એકવાર ફરીથી મોટો આંચકો લાગ્યો છે. મની લોન્ડ્રિંગ કેસમાં કોર્ટે તેમને ૧૪ દિવસની કસ્ટડીમાં મોકલ્યા છે. તેમની ૩૦ મે એ ઈડીએ ધરપકડ કરી હતી. અગાઉ ૯ જૂને કોર્ટે તેમને ૧૩ જૂન સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા હતા. આ સમય મર્યાદા આજે ખતમ થયા પહેલા તેમને એકવાર ફરી રાઉજ એવન્યુ કોર્ટમાં રજૂ કરાયા હતા.

દિલ્હી સરકારમાં સ્વાસ્થ્ય મંત્રાલય સંભાળનારા સત્યેન્દ્ર જૈન તરફથી કોર્ટમાં જામીન અરજી પણ દાખલ કરવામાં આવી છે. આની પર મંગળવારે ૧૧ વાગ્યે સુનાવણી થશે. અગાઉ મંગળવારે ઈડીએ કહ્યુ હતુ કે મની લોન્ડ્રિંગ કેસની તપાસ દરમિયાન સત્યેન્દ્ર જૈન અને તેમની સાથે જોડાયેલા લોકો વિરુદ્ધ દરોડા દરમિયાન ૨.૮૫ કરોડ રૂપિયાની રોકડ અને સોનાના ૧૩૩ સિક્કા જપ્ત કરાયા છે.

## દેશમાં કોરોનાની ચોથી લહેરના સંકેત હોવાનો નિષ્ણાતોનો ઈનકાર

### કોરોના વાયરસના કેસમાં સતત વધારોથી ચિંતા વધી : કોરોનાના આંકડામાં આવતા ચઢાવ-ઉતાર જે મહામારીના એનડેમિક સ્ટેજમાં જોવા મળતા હોય છે : હેલ્થ એક્સપર્ટ

નવી દિલ્હી, તા.૧૩

ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં કોરોનાના કેસ વધતા દૈનિક આંકડામાં ઉછાળો નોંધાયો છે. આવામાં ચોથી લહેર તરફ ઈશારો થઈ રહ્યો છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૮,૦૮૪ કેસ નોંધાયા છે અને ૧૦ દર્દીઓના જીવ ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી સવારે (૧૩મી જૂન, ૨૦૨૨) રજૂ કરાયેલા આંકડા પ્રમાણે એક્ટિવ કેસની સંખ્યા વધીને ૪૭,૯૯૫ થઈ ગઈ છે. રવિવારની સરખામણીમાં એક્ટિવ કેસમાં ૩,૪૮૨નો વધારો થયો છે. ૧૨ જૂને પૂર્ણ થયેલા અઠવાડિયામાં લગભગ ૫૦ હજાર કોવિડ કેસ નોંધાયા જે મહામારીની ત્રીજી લહેર પછી સૌથી વધુ છે. પાચળા અઠવાડિયે ૨૩,૦૦૦થી વધારે કેસ નોંધાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ઓનલાઈન જુગાર-સટ્ટાની જાહેર ખબર બંધ કરવા સલાહ

### એક એડવાઈઝરી ઈશ્યુ કરીને I&B વિભાગે પ્રિન્ટ, ટેલિવિઝન અને ડિજિટલ મીડિયાને સલાહ આપી

નવી દિલ્હી, તા.૧૩

રોજબરોજ વધી રહેલ ઓનલાઈન જુગાર અથવા સટ્ટાકીય પ્રવૃતિઓ પર અંકુશ લગાવવા માટે સરકાર અનેક પ્રયાસો કરી રહી છે. ગત સપ્તાહે જ ઓનલાઈન સટ્ટા અને જુગાર પર પ્રતિબંધ લાદવા અથવા તેના પર અંકુશ કઈ રીતે મેળવવો તેના માટે એક કમિટીની રચના કરી હતી અને આજે સોમવારે કેન્દ્ર સરકારે ઓનલાઈન જુગાર-સટ્ટાની જાહેર ખબર બંધ કરવા પ્રિન્ટ-ટેલિવિઝન અને ડિજિટલ મીડિયાને સલાહ આપી છે. એક એડવાઈઝરી ઈશ્યુ કરીને ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ વિભાગે જનહિતને ધ્યાનમાં રાખીને ઓનલાઈન, ડિજિટલ કે પ્રિન્ટ મીડિયાને આ પ્રકારની ઓનલાઈન સટ્ટાકીય પ્રવૃતિઓ કે ઓનલાઈન સટ્ટાની જાહેર ખબરો ન દર્શાવવા સલાહ.

## રાહુલ ગાંધીની પ્રોપર્ટી-નાણાકીય વ્યવહારો સંદર્ભે ઈડીની પુછપરછ

### નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાની પૂછપરછ : પેટા- રાહુલ ગાંધીનું નિવેદન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૫૦ હેઠળ નોંધવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સોમવારે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પૂછપરછ કરી હતી. રાહુલ લગભગ ૧૧.૩૦ વાગ્યે એપીજે અબ્દુલ કલામ રોડ સ્થિત ઈડીના હેડક્વાર્ટર પહોંચ્યા હતા. સમાચાર એજન્સીએ ઈડીના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ગાંધીનું નિવેદન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની કલમ ૫૦ હેઠળ નોંધવામાં આવ્યું હતું. પહેલા રાઉન્ડમાં રાહુલની ત્રણ કલાકથી વધુ પૂછપરછ કરવામાં આવી હતી. જે બાદ તેઓને લંચ માટે બહાર જવા દેવામાં આવ્યા હતા. આ દરમિયાન રાહુલ તેમની બહેન પ્રિયંકા સાથે માતા સોનિયા ગાંધીને જોવા માટે સર ગંગારામ હોસ્પિટલ પહોંચ્યા હતા. કોવિડ-૧૯ સંબંધિત સમસ્યાઓના કારણે સોનિયાને રવિવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈડીએ તેમને પણ પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે.


રાહુલને ઈડીના ડેપ્યુટી ડાયરેક્ટર, આસિસ્ટન્ટ ડાયરેક્ટર સ્તરના અધિકારીઓએ પ્રશ્નો પૂછ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર તબક્કાવાર પૂછપરછમાં ઈડીએ પહેલા રાહુલને અંગત પ્રશ્નો પૂછ્યા. ત્યારબાદ પ્રોપર્ટી અને નાણાકીય વ્યવહારોને લગતા પ્રશ્નો હતા. રાહુલની વધુ પૂછપરછમાં યંગ ઈન્ડિયા અને એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને લગતા પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા.

## મૂસેવાલા કેસમાં શાર્પશૂટરની ગુજરાતમાંથી ધરપકડ

પુણે,તા.૧૩

પંજાબી સિદ્ધૂ મૂસેવાલાના હત્યાકાંડમાં ફરાર થયેલા શૂટર સંતોષ જાધવની પુણે પોલીસે ધરપકડ કરી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ આરોપીની ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી હોવાની પ્રાથમિક વિગતો સામે આવી રહી છે. પુણે ગ્રામ્ય પોલીસે શૂટર સંતોષ જાધવની ગુજરાતમાંથી ધરપકડ કર્યા બાદ તેને મોડી રાત્રે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેના ૨૦ જૂન સુધીના રિમાન્ડ મંજૂર થયા છે. પોલીસે સંતોષ જાધવની સાથે નવનાથ સૂર્યવંશીની પણ ધરપકડ કરી લીધી છે. સંતોષ જાધવ કોણ છે અને આ સિવાય કેટલા શૂટર્સને મૂસેવાલાની હત્યા માટે મોકલવામાં આવ્યા હતા તે તમામ વિગતો સામે આવી છે. સંતોષ જાધવ અને સૌરભ મહાકાલ ફરાર થઈ ગયા હતા. બંને પંજાબમાં રહેતા હોવાની ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી. આ બંને લૉરેન્સ બિશ્નોઈની ગેંગના હોવાનું જાણવા મળે છે. પુણે ગ્રામીણ પોલીસે સીસીટીવી જોયા બાદ પંજાબ પોલીસને સંતોષ જાધવ વિશે જાણ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર




## યુપીમાં હિંસા મામલે આરોપીઓની પ્રોપર્ટી સીલ કરવાની શરૂઆત

### યુપીમાં હિંસાની ઘટનાઓને પગલે પોલીસ એક્શનમાં

કાનપુર, તા.૧૩

ઉત્તરપ્રદેશમાં પાછલા દિવસોમાં થયેલી હિંસાની ઘટનાઓને પગલે પોલીસ તંત્ર એક્શનમાં છે.

ક્યાંક આરોપીઓના માથા ઉપરથી છત હટાવવામાં આવી રહી છે તો ક્યાંક મિલકતો ઉપર સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. કાનપુરમાં ૩ જૂનના રોજ ભડકેલી હિંસાના મામલે વહીવટી તંત્રની કામગીરી ચાલું જ છે. કાનપુરના વહીવટી તંત્રે ૩ જૂનના રોજ થયેલી હિંસાના આરોપીઓની પ્રોપર્ટી સીલ કરવાની શરૂઆત કરી દીધી છે. ઉપરાંત કેટલાક મકાનો ઉપર બુલડોઝર ચલાવીને તેને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે.

પયગંબર અંગેના નુપુર શર્માના નિવેદનના કારણે ગત ૩ જૂનના રોજ કાનપુરમાં ભડકેલી હિંસાના કેસમાં ૩ પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે.

## આઈપીએલના મીડિયા રાઈટ્સ ૪૪૦૦૦ કરોડમાં વેચાયા

### મીડિયા રાઈટ્સ બેઝ પ્રાઈસ કરતા વધુમાં વેચાયા : વર્ષ ૨૦૨૩થી ૨૦૨૭ માટે ટીવી રાઈટ્સ ૫૭.૫ કરોડ રૂપિયા તો ડિજિટલ રાઈટ્સ ૪૮ કરોડ રૂપિયામાં વેચાયા

મુંબઈ, તા.૧૩

વિશ્વની સૌથી લોકપ્રિય ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના મીડિયા રાઈટ્સ ૪૪,૦૦૦ કરોડ રૂપિયામાં વેચાયા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગામી પાંચ વર્ષ માટે એટલે કે ૨૦૨૩થી ૨૦૨૭ માટે ટીવી રાઈટ્સ ૫૭.૫ કરોડ રૂપિયા તો ડિજિટલ રાઈટ્સ ૪૮ કરોડ રૂપિયામાં વેચાયા છે. હકિકતમાં ટીવી રાઈટ્સની બેઝ પ્રાઈસ ૪૯ કરોડ રૂપિયા હતી જ્યારે ડિજિટલ રાઈટ્સની બેઝ પ્રાઈસ ૩૩ કરોડ રૂપિયા હતા. પેકેજ એ અને પેકેજ બી એમ કુલ મળીને આ રાઈટ્સ ૪૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધારેની કિંમતે વેચાયા છે. ટીવી અને ડિજિટલ રાઈટ્સ ૧૦૫.૫ કરોડ રૂપિયા પ્રતિ મેચના હિસાબે નક્કી કરવામાં આવ્યા છે. જોકે, કઈ કંપનીએ પેકેજ-એ અને કઈ કંપનીએ પેકેજ-બી ખરીદ્યા છે તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

રિપોર્ટ્સ પ્રમાણે પેકેજ-એ અને પેકેજ-બી બે અલગ-અલગ કંપનીઓએ ખરીદ્યા છે. ટીવી માટેનું પેકેજ-એ ૨૩,૫૭૫ કરોડ રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર